ગાંધીનગર સમાચાર



## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

તમે જેના અભાવે વાસી દીધાં દ્વાર વરસોથી,
હું એ વિશ્વાસની મિરાત લઈ દરવાજે ઉભો છું.
ઉભો દ્વારે શીશુભોળો દયામય મંદિર ખોલો,
બચેલાં શ્વાસની સોગાત લઈ દરવાજે ઉભો છું.
- મનોજ ખંડેરિયા.

### પાથેય

- રમેશ ઠક્કર

## ચાલવાનો લય

માણસની આશાનો તંતુ અડીખમ હોય છે.એના તાણાવાણા પોલાદી રીતે વણાયેલા છે..આસ્થા જો ના હોત તો માણસ અધૂરો હોત ! આમ પણ જગતમાં પૂર્ણ તો શું હોય છે ? એ અર્થમાં નહીં પણ વાસ્તવની રીતે જોઈએ તો જેનામાં હામ છે એના માટે જ દુનિયામાં મુકામ હોય છે..એ માટે માણસે સતત ફરતા રહેવું પડે છે. ભબદલાતા રહેવું પડે છે..ચાલવાનો લય સાધવો પડે છે ! એક સિમીત ઓરડામાં લેટી રહેવું એ કદાચ જિંદગીની ધૂપછાંવ હશે..જગત આપણી રાહ જોતું નથી..તમારે જ ઉઠવું પડે છે..તાલમેલ તૂટ્યા પછી ફરીથી લયબધ્ધ થવું એક કઠીન કામ હોય છે..બારીએથી નજર કૂદાવી વિખૂટા પડેલા આકાશને આલિંગન આપવાનો પ્રયાસ ફેન્ટસીથી કમ નથી..સતત ફરફરી રહેલો કૃત્રિમ પવન કયારેય આત્મીય ના થઈ શકે..કડવાશનો કદી સહવાસ ના હોય..સુખ એટલે ? ઘણી વ્યાખ્યાઓ હશે પણ અત્યારે તો લાગે છે કે સુખ એટલે આરોગ્ય, અને દુઃખ એટલે વિકાર..પડખું ફરતાં જ સુષુપ્ત પડી રહેલી સોય સળવળે છે..! આપણો જ હાથ જાણે ચૂપચાપ પડયો છે આપણી પાસે..કાબે અર્જુન લૂંટિયોની જેમ.. પડી રહેવામાં પરાજય જેવું હોય છે..આપણી આસપાસ સમદુઃખિયાઓનો સહારો હોય તો પણ આપણી સહજ જિંદગીની તલાશ તીવ્ર બનીને ડંખતી રહે છે..સ્થગિતતાને ભેદવાનું એટલું આસાન હોતું નથી..હણહણતો અશ્વ અટકી કેમ જાય ? નાગરવેલનું પાન સડી કેમ જાય છે ? રોટલી બળી કેમ જતી હોય છે ? આ ત્રણેય પ્રશ્નોનો એક જ જવાબ શું હોય? એવુ બિરબલને પુછવામાં આવેલું...એણે જવાબ આપેલો "ફેરવો નહીં એટલે.." માણસ પણ જો ફરે નહી તો બંધિયાર થઈ જતો હોય છે..ખાટલે પડયા પછી અનેક મથામણો સામે ઝઝૂમવાનું હોય છે પણ સૌથી મોટો પડકાર સ્થગિતતાની નાગચૂડને ભેદવાનો હોય છે..!

વિષાદ પણ વાદળની માફક ઘેરાય છે..જીવનનો લય ખોટકાય છે ત્યારે અવસાદ અડીંગો જમાવે છે..એકાદ બે દિવસ તો આશ્વાસન અને અનુકૂલનમાં નિકળી જાય પરંતુ એકધારા પડયા રહેવું ક્રમશઃ પળોજણ બની આપણને ઘેરી લે છે..ગમગીની એ બિમારીની બહેનપણી છે..વિષાદ એ રોગને બહેકાવે છે..સંસ્કૃતમાં એને નિર્વેદ કહે છે..ગુજરાતીમાં નિર્વેદ એટલે નિરાશા અવસાદ દીનતા શોક વિરક્તિ ઘૃણા જુગુપ્સા ચીડ અણગમો..અધધધ શબ્દો છે..!

એક અથાગ પ્રયાસ પછી ખુલતી બારીનો ઉઘાડ નવી તાજગી આપી જાય છે..બહાર આકાશ ટપકી રહયું છે..રીમઝીમ ગીરે સાવન..શબ્દો અત્યારે ગમતા નથી..ઓસડિયાંના ઉબકા આવે ત્યાં ઉર્મિઓ ઉભરતી નથી..શિશિર ઋતુ સમેટાઈ રહી છે..વર્ષા પૂરબહારમાં ખીલશે..આ અનુસંધાન આરોગ્યના લયને કયારેક લસરકો આપી જાય છે ત્યારે પથારીવશ થઈ જવાતું હોય છે..હળવા હાથે સિમિત આકાશથી ઝીલાતી વાછટ ત્વચાને તાજગી આપી જાય છે...જેને અનિર્વેદ કહેવાય..ખુશહાલ સંદેશ આપણા લયને ઝંકૃત કરી જાય છે..સ્થગિતતા આમ તો શેતાન જેવી છે પણ મક્કમતાથી ઉઠતો સળવળાટ એક આશાવાદ સમાન હોય છે...

ચાલવું ,અટકવું, ઠપ્પ થઈ જવું કે જીવનની ગતિથી ઘડીભર વિચલિત થઈ જવું એક ધૂપછાંવ છે..કાયમી ઘાવ નથી..! તડકીછાંયડી જેવો આપણી ભાષાનો શબ્દ આ સ્થિતિને આબેહૂબ પ્રગટાવે છે..ઓરડાની બોઝિલતાને અતિક્રમી બૃહદ જીવનના ધોરીમાર્ગ ઉપર ધપતા રહેવું એ જ કદાચ જીવનરસ છે..કાળી ડિબાંગ વાદળીઓ વચ્ચે ઉપસતી રૂપેરી કોર છે...

# ॥ મકર સંક્રાતિ મુબારકઃ સૂર્યાય નમઃ ॥

### તંત્રીસ્થાનેથી...

આજે સૂર્યનું મહાપર્વ છે. સૂર્ય છે તો જીવન છે. એ ઉષ્માનો દાતા છે. જયોતિષ શાસ્ત્ર મુજબ એ ગ્રહમંડળનો રાજા છે. આત્માનો કારક છે. ભગવાન રામચંદ્રથી લઈ રાણા પ્રતાપ સુધીના મહાનાયકો સૂર્યવંશી ગણાયા છે. મકર સંક્રાતિની રાહ જોઈને ઈચ્છામૃત્યુનું વરદાન પામેલા ભીષ્મ પિતામહે બાણશૈયા પર સૂઈ રહેવાનું પસંદ કર્યું હતું. સૂર્યનું મકર સંક્રમણ ઊર્ધ્વારોહણ સૂચવે છે. શું આ સંક્રમણ કોરોનાને પણ ઊર્ધ્વગતિ આપનારું નીવડશે ? કે પછી આમિક્રોન સહિતના એના ભવાઈવેશનો મોક્ષ કરશે? દુનિયા આખી એના આતંકથી ગ્રસત અને ત્રસ્ત છે. આતંકવાદીઓ એક મર્યાદિત વિસ્તાર પર ત્રાટકતા હોય છે. કોરોના એકી સાથે આખી માનવજાત પર ત્રાટકવાનું કૌવત ધરાવે છે. એને કોઈ સરહદ કે ચોકીપહેરા નડતા નથી. વળી એ જુદા જુદા રુપ ધારણ કરતાં શીખી ગયેલ છે. ચીને ઝીરો કોરોના પોલિસી અન્વયે સંક્રમિતોને નાની નાની ધાતુની કોટડીઓમાં ધકેલી દેવાનો માર્ગ અપનાવ્યો છે. આપણે રહ્યા લોકતંત્રવાળા ! એટલે બહુ બહુ તો કન્ટેઈનમેન્ટ ઝોન બનાવી જાણીએ. ભીડ નિયંત્રિત કરવાનું નથી સમાજને ફાવતું કે નથી સરકારનું આવડતું. ભીડ વગર ચૂંટાવાય નહીં એવી ગ્રંથિથી આપણા તમામ રાજકીય નેતાઓ અને પાર્ટીઓ પીડાય છે. એમને માટે જીવન કરતાં નેતાઓ અને પાર્ટીઓ પીડાય છે. એમને માટે જીવન કરતાં સત્તા વધારે મહત્ત્વની છે. મરતી વેળાએ શબ પર ત્રિરંગો લપેટાય એટલે ભયો ભયો ! ગુજરાતના સાંસદો, ધારાસભ્યો અને કોર્પોરેટરો ઉત્તરપ્રદેશના અવધ વિસ્તારમાં ધૂણી ધખાવીને બેઠા છે કારણ કે ઉત્તરપ્રદેશમાં ભાજપ હારી જાય તો મોદી અને શાહની નામોશી થાય એમ છે. આદિત્યનાથ તો ગોરખપંથી બાવાજી છે ! જઈને બેસી જશે એમની ગોરખપીઠની ગાદી પર. પરંતુ ૨૦૨૪માં ધસમસતી આવી રહેલી લોકસભાની ચૂંટણીમાં ભાજપનું ઊઠમણું થઈ શકે છે. મકર સંક્રાંતિના આ સપરમા પર્વે કોઈના બેસણા કે ઉઠમણાની ચર્ચામાં પડવું અરુચિકર લાગે. પણ ગયે વર્ષે તો કોવિડ-૧૯ના બીજા દોરમાં બેસણાં પમ 'ડ્રાઈવ ઈન' મોડ પર રાખવાં પડેલાં તે જરૂર યાદ રાખવું ઘટે. ઓમિક્રોન ઓછો ખતરનાક હશે, માન્યું; પણ એ કોઈ આશીર્વાદ બનીને તો નથી જ ઊતરી આવ્યો. એ પણ કોરોનાનું જ સ્વરુપ છે. એટલે ભાઈશ્રી ભૂપેન્દ્ર પટેલે થોડા ચેતીને ચાલવાની જરૂર તો ખરી જ. એમણે ૪૦૦માંથી ઘટાડીને ૧૫૦ વાળી કરી તે પ્રશંસનીય પગલું છે. લગ્ન કંઈ મોટા પાર્ટી પ્લોટોમાં જ યોજાય તે જરૂરી નથી. લગ્ન તો શયનખંડના એકાંતમાં ઊજવાય તે જ વધુ યોગ્ય છે. બહારના દેખાડા અને પ્રતિષ્ઠાના પ્રદર્શનથી વરવધૂની મધુરજનીમાં કોઈ ફરક પડતો નથી. રસીકરણ મુદ્દે વધુ ગંભીર બનવાની જરૂર છે. એ દિશામાં સરકારના પ્રયાસો સહારનીય છે. વયસ્કોને પ્રિકોશનરી (બૂસ્ટર) ડોઝ આપવા ઉપરાંત બાળકોને વહેલી તકે રસીકવચ મળે તે જરૂરી છે. કોવિડ-૧૯ સાથે લાંબો વખત જીવતાં શીખવું પડશે. અહીં પણ પેલો ડાર્વિન વાળો સિદ્ધાંત તો લાગુ પડે જ છે : લાયક હશે, મજબૂત હશે તે જીવશે! જીવવાની લાયકાત કેળવવાની સાથે અગવડો અથવા ઓછી સગવડો જીરવવાની તાકાત પણ કેળવવી પડશે. દરમિયાન ભારત રત્ન કોકિલ કંઠી ગાયિકા કોવિડ-૧૯ ગ્રસ્ત થઈ ઓક્સિજન પર છે. આપણે એમના સ્વાસ્થ્ય માટે, દીર્ઘાયુ માટે પ્રાર્થના કરીએ. ઉત્તરપ્રદેશમાં આદિત્યનાથની ગાદી સચવાઈ રહે એ કરતાં લતા મંગેશકરની જીવનદોરી અકબંધ રહે તે વધારે ઈચ્છનીય ગણાવું જોઈએ. આપણો સાંસ્કૃતિક વારસો રાજકીય ખટપટો કરતાં વધુ મહત્ત્વનો છે. સૌને મકરસંક્રાંતિ મુબારક!

# સૂરજ, મારી સાંભળો વાત....



અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

૧૪મી જાન્યુઆરીનો દિવસ ભગવાન સૂર્ય માટે મહત્ત્વનો છે. આ દિવસે તે ધન રાશિ છોડીને મકર રાશિમાં પ્રવેશે છે. આ મકરસંક્રાતિ છે. આ દિવસથી છ મહિના માટે એમની ગતિ - અયન - ઉત્તર દિશા તરફ છે. આ ઉત્તરાયણ છે.



આથી આ દિવસે સૂર્ય પૂજનનું વિશેષ મહત્ત્વ છે. આ એમની સ્તુતિ છે. એમાંથી કેટલાક અંસ અહીં આપ્યા છે :

આ સૂર્ય સ્તુતિ ઓછી જાણીતી છે. લયમાં બંધાયેલી છે. એટલે સુગેય છે. તદ્દન સરળ ગુજરાતી ભાષામાં ૫૧ પંક્તિઓ છે. કર્તાએ પોતાનું નામ આપ્યું નથી.

(૧) આરંભ

સૂરજ મારી સાંભળો વાત, ઊગ્યા સૂરજને થયા પ્રભાત

સૂરજ ઊગે અજવાળાં થાય, પાપ તાફને સઘળાં જાય

(૨) પ્રસ્તાવ :

પહેલા પહોરનો મહિમા કહું,સૂરજ મહારાજને આંગણે રહું.

આંગણે ઊભીને કરું વિચાર, કયાં મળશો સૂરજ મહારાજ ?

(૩) વિનંતી :

સૂરજ બેઠા દેહરા માંહ્ય દહેરે ઊભીને દીવા કરું, દીવા કરીને ઊભી રહું.

સૂરજ મહારાજને વિનંતી કરું.

'દૂઝાયા' આપો મહારાજ.

દુંઝાણાની મોટી આશ, દૂધ, દહીં ત્યાં મૌળી છાશ.

દુઝાણામાં સાતે રસ, દુઝાણે માણસને જશ.'

(૪) દિનચર્યાનો પ્રારંભ

મળસ્કે દીવા કરશે સહુ, વલોણા વલોવશે વહુ.

નાના મોટા જાગ્યા સહુ.

વેદિયા ઘેર વેણ ભણાય, આહુતિ ઘેર હોમ દેવાય.

તીરથ કાંઠે સહુ નહાવા જાય, વાછરડાં ધવડાવે ગાય.

(૫) ભુવન ભરાયા જયારે રાય, તેની કાયા નિર્મળ થાય.

બાર આદિત્યપતિ દયાળા.

માથે મુકુટને સોહેદાર, રાણી રાંદલના ભરથાર.

(૬) રાણી રાંદલ

'આજ બોલું અતિ જ વાણી, તમે સાંભળો રાંદલ રાણી.

હાથે ચૂડી અનુપમ રૂડી, સઘળી દેવીમાં રાંદલ રૂડી.'

ખત ખાંતલી વિછુઆ સાર, ને પાયા નૂપુરનો 'ઝંકાર'

(૭) સમાપન

ટાઢા બેડા ભર્યાં ટાઢક તમારી,

ઘરબાર બાંધ્યા ને.

મોતીએ પૂર્યો ચોક તમારા.

રિદ્ધિ સિદ્ધિ સર્વ તમારી.

ભલા ઉગ્યા ભાણ, આજ આખું વિશ્વનાથ છે જાણ. આ સૂર્યસ્તુતિ ઓછી જાણીતી છે, ભાવવાહી છે. સામાન્યત્ : બીજી સ્તુતિ આ છે, તે વધુ જાણીતી છે -

નમું આજ આદિત્યને હાથ જોડી,
પ્રભુ કર્મનાં બંધનો નાખ તોડી.

### દિન મહિમા

- મકર સંક્રાંતિ : મકરસંક્રાંતિ એ ભારતનો કૃષક કહેવાર છે. ભારત અને એશિયાના અન્ય દેશોમાં પણ આ દિવસને પાકની લણણી સાથે જોડવામાં આવ્યો છે.
- લાભશંકર ઠાકરનો જન્મ : જાણીતા ગુજરાતી સાહિત્યકાર
- વિનોદ ભટ્ટનો જન્મ : ગુજરાતી હાસ્ય લેખક, કટાર લેખક.

આજનું
### ઔષધ

- મૂળાના પાનનો રસ પીવાથી સોજો જલ્દી ઉત્તરે છે.

### ખડખડાટ

- કંટાળીને બીજા લોકો Ok Sorry ભૂલ થઈ ગઈ એમ બોલે છે પણ ગુજરાતી કંટાળે ત્યારે 'હા, જી મે જ કર્યું છે જે થાય એ કરી લેં.'

આજનો
### વોટ્સએપ

- દુનિયામાં જે સત્ય છે એ જ મુર્હુત વગર થાય છે. જેમ કે જન્મ, મૃત્યુ અને પ્રેમ...!!

# ગારો, ખાસી અને જેન્તિયા પર્વતો કયા પ્રદેશમાં આવેલા છે ?



ખજાનો
અનિલ પટેલ

### ભારતની ભૂગોળ

૧ પૂર્વ તટીય રેલવેનું મુખ્યાલય કયાં આવેલું છે ?
(અ) ભુવનેશ્વર (બ) દિબ્રુગઢ
(ક) કોલકાત્તા (ડ) રાંચી

૨ કયું શહેર દક્ષિણનું માન્ચેસ્ટર કહેવાય છે ?
(અ) કન્યાકુમારી (બ) ચેન્નાઈ
(ક) કોઈમ્બતુર (ડ) શિવાકાશી

૩ ભારતમાં ડુંગળીના ઉત્પાદન માટે કયું રાજય જાણીતું છે?
(અ) મધ્યપ્રદેશ (બ) ગુજરાત
(ક) કર્ણાટક (ડ) મહારાષ્ટ્ર

૪ મશહુર તાલકટોરા સ્ટેડિયમ કયાં આવેલું છે?
(અ) મુંબઈ (બ) દિલ્હી
(ક) કોલકાત્તા (ડ) જયપુર

૫ ગોવાની રાજયભાષા કઈ છે ?
(અ) ઉર્દૂ (બ) મરાઠી
(ક) તમિલ (ડ) કોંકણી

૬ સારિકા અભ્યારણ્ય કયાં આવેલું છે ?
(અ) રાજસ્થાન (બ) ઉત્તરાખંડ
(ક) મધ્યપ્રદેશ (ડ) મહારાષ્ટ્ર

૭ ગારો, ખાસી અને જેન્તિયા પર્વતો કયા પ્રદેશમાં આવેલા છે ?
(અ) અરુણાચલ પ્રદેશ (બ) આસામ
(ક) મેઘાલય (ડ) નાગાલેન્ડ

૮ ખેતડી અને ઝનૂન આ બે સ્થળો કઈ ધાતુની ખાણો માટે જાણીતા છે ?
(અ) બોકસાઈડ (બ) તાંબુ
(ક) લોખંડ (ડ) સિલ્વર

૯ કયું શહેર કર્ણાટકનું રત્ન કહેવાય છે ?
(અ) મૈસુર (બ) મેંગ્લોર
(ક) બેંગાલુરુ (ડ) કુલબર્ગી

૧૦ પ્રસિદ્ધ કામાખ્યા મંદિર કયાં આવેલું છે ?
(અ) જગન્નાથપુરી (બ) કોલકાત્તા
(ક) ગુવાહાટી (ડ) કન્યાકુમારી

૧૧ ધારીવાલ અને લુધીયાણા કયા ઉદ્યોગ માટે જાણીતા છે?
(અ) કાષ્ટકલા (બ) વિજ્ઞાનનાં સાધનો
(ક) શણ ઉદ્યોગ (ડ) ગરમ કપડા

૧૨ વિટી કલ્ચર કઈ ખેતીને કહે છે ?
(અ) દ્રાક્ષની ખેતી (બ) ખારેકની ખેતી
(ક) અળસીયાનાં ઉત્પાદન (ડ) બાગાયત

૧૩ એલીફન્ટા જળધોધ કયા રાજયમાં આવેલ છે?
(અ) અરુણાચલ (બ) મેઘાલય
(ક) આસામ (ડ) નાગાલેન્ડ

૧૪ દાભોલ વિદ્યુત પરિયોજના કયાં રાજયમાં આવેલ છે?
(અ) મધ્યપ્રદેશ (બ) ગુજરાત
(ક) મહારાષ્ટ્ર (ડ) કર્ણાટક

૧૫ કયું શહેર સાત ટાપુઓનું શહેર કહેવાય છે ?
(અ) મુંબઈ (બ) કોલકાત્તા
(ક) મદ્રાસ (ડ) ગોવા

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૧૪ જાન્યુઆરી :
  - નોબેલ વિજેતા વૈજ્ઞાનિક આલ્બર્ટ સ્વાઈત્ઝરનો જન્મદિવસ (૧૮૭૫)
  - પ્રખ્યાત લેખિતા મહાશ્વેતા દેવીનો જન્મદિવસ (૧૯૧૬)
  - સાહિત્યકાર વિનોદ ભટ્ટનો જન્મદિવસ (૧૯૩૮)
  - હેલીનો ધૂમકેતુ શોધનાર ખગોળશાસ્ત્રી એડમંડ હેલીનું નિધન (૧૭૪૧)
- ૧૫ જાન્યુઆરી :
  - બ્રિટનનું બ્રિટીશ મ્યુઝિયમ જાહેર જનતા માટે ખુલ્લું મુકાયું (૧૭૫૯)
  - બોસ્ટન ખાતે સ્ટોરેજ ટેંક તૂટતા ૨૧ લોકોના મોત (૧૯૧૯)
  - અમેરિકાનાં ગાંધીનું બિરુદ પામેલા માર્ટીન લ્યૂથર કીંગનો જન્મદિવસ (૧૯૨૯)
  - સેના દિવસ
- ૧૬ જાન્યુઆરી :
  - પર્શિયન ગોલ્ફ વૉરની શરુઆત થઈ - ઈરાક અને કુવૈતની મહત્ત્વની ભૂમિકા રહી (૧૯૯૧)
  - અમેરિકન રેકર્ડ પ્રોડ્યુસર ફીલ સ્પેક્ટરનું ૮૦ વર્ષની વયે નિધન(૨૦૦૧)
  - અમેરિકન જુઓલોજીસ્ટ ડાયન ફોસીનો જન્મદિવસ (૧૯૩૨)
  - અમેરિકન અવકાશયાત્રી યુગન કેરનાનનું ૮૨ વર્ષની વયે અવસાન (૨૦૧૭)
- ૧૭ જાન્યુઆરી :
  - જાવેદ અખ્તરનો જન્મદિવસ (૧૯૪૫)
  - યુકેના પ્રાઈમ મિનિસ્ટર ડેવીડ લોઈડ જયોર્જનો જન્મદિવસ (૧૮૬૩)
  - અમેરિકન ચેસ પ્લેયર બોબી ફિસ્ચરનું ૬૪ વર્ષની વયે નિધન (૧૯૫૮)
  - નોર્વેના રાજા ઓલેવ-વીના પિતા હરાલ્ડવીનું અવસાન (૧૯૯૧)
- ૧૮ જાન્યુઆરી :
  - બ્રિટીશ બોર્ન અમેરિકન એક્ટર કેરી ગ્રેન્ટનો જન્મદિવસ (૧૯૦૪)
  - અમેરિકન ડીપ્લોમેટ અને એડમિનિસ્ટ્રેટર આર સ્ટ્રેજર સિવરનું ૯૪ વર્ષની વયે અવસાન (૨૦૧૧)
  - ઓસ્ટ્રેલિયન પૂર્વ પ્રાઈમ મિનિસ્ટર પૌલ કેઈટીનનો જન્મદિવસ (૧૯૪૪)
  - સાહિત્યકાર કરશનદાસ માણેકનું અવસાન (૧૯૭૮)
- ૧૯ જાન્યુઆરી :
  - ઈન્દિરા ગાંધી પ્રથમવાર વડાપ્રધાન બન્યા (૧૯૬૬)
  - મશહુર ફ્રેન્ચ ચિત્રકાર પૌલ ક્રેઝનેનો જન્મદિવસ (૧૮૩૯)
  - આચાર્ય રજનીશનું નિધન (૧૯૯૦)
  - સેવાના ભેખધારી ઠક્કરબાપાનું નિધન (૧૯૫૧)
- ૨૦ જાન્યુઆરી :
  - મહાન કલાવિદ તત્ત્વચિંતક અને ગાંધીજીના ગુરુ એવા જહોન રસ્કીનનું નિધન (૧૯૦૦)
  - બરાક ઓબામા અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ બન્યા (૨૦૦૯)
  - ઈટાલીયન ફિલ્મમેકર ફેડરીકો ફેલીનીનો જન્મદિવસ (૧૯૨૦)
  - અજોડ આત્મબળથી અંગબળ મેળવનાર વીર રામમૂર્તિનું નિધન (૧૯૩૮)

**ગયા સપ્તાહના સવાલનો જવાબ**

પંજાબના મુખ્યમંત્રીનું નામ શું છે ?
જવાબ : ચરણજીત સિંઘ ચૈની

**સાચા જવાબ આપનાર પત્રમિત્રો**

(૧) અનુજ બી પરમાર : સે-૨૭(૨) હાર્દિક એન ભટ્ટ : સે-૨૪ (૩) જયેન્દ્ર પ્રસા પાઠક : ઈન્ફો જુ.સા. (૪) ઋજિત રાવલ : સે-૭ (૫) નટુભાઈ દરજી : પેથાપુર (૬) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૭) વિશાલ એસ ભટ્ટ : સે-૪

**આ સપ્તાહનો સવાલ**

યુપીના શ્રમ વિભાગના કયા મંત્રી બીજેપી છોડી સમાજવાદી પાર્ટીમાં જોડાયા ?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

## હવે થઈ ગયું છે : જોયા કરતા ફોટા પાડ્યા ભલા !!
## 'સ્નો ફોલ' વાળી સવાર



હળવે હૈયે
પ્રકાશ લાલા

'વ્યક્તિને આજકાલ જોવા કરતાં પોતે જે જોયું તે બીજાને બતાવી દેવાની વધારે હોંશ હોય એમ લાગી રહ્યું છે. એટલે તો એ કયાંક નવી જગ્યાએ ગયો હોય ત્યારે તે જોવાં - ત્યાં ફરવા કરતાં સૌથી પહેલાં, ખુદને સેન્ટરમાં રાખીને ત્યાંના ફોટો પાડી દઈ ફટાફટ સોશિયલ મીડિયામાં મૂકવામાં એ વધારે ઉત્સાહ બતાવે છે.... એ સ્થળ - નવી જગ્યા જોઈને સમજવા કરતાં 'સેલ્ફી'ને ઈમ્પોર્ટન્ટ આપતા થઈ ગયો છે. તેથી જ ફરવા જનારા હવે જર્ની સ્ટાર્ટ થાય તે પૂર્વે તો સ્ટેટ્સમાં એરપોર્ટ, ફલાઈટ અને લોકેશન મૂકી દે છે... અરે, ફેમિલી જોડે કયાંક સારી રેસ્ટોરન્ટમાં જનારા, જમ્યા પહેલાં જ આ 'સ્ટેટ્સ' અપડેટ કરવાનું સૂચતા નથી! હવે આપણે ફરવાનાં સ્થળોના સૌંદર્ય - એની વિશેષતાને આંખોથી નિહાળીને, હૃદયમાં એને અંક્તિ કરવાના બદલે એને કેમેરામાં કેદ કરવામાં રસ લેવા લાગ્યા છીએ.... ફોટા પાડી તરત સોશિયલ મીડિયા પર ફરતા કરી દેવા પાછળ આપણો હેતુ નવા સ્થળ-પ્રસંગ વિશે બીજાઓને સુમાહિતગાર કરવાનો હોય સારું છે પણ ખુદના અહંને પોષવાનો તે ખોટું કહેવાય.



અમે 'નાસા' ( નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એકેડમી) ના કેનેડી સ્પેસ સેન્ટરની વિઝિટ કરી ત્યારે માનવ સ્વભાવની આ ખાસિયત માર્ક કરી. ઘણાં બધાં મુલાકાતીઓને - ખાસ કરીને ઈન્ડિયન્સને - પાર્કિંગ લોટમાંથી ઊતરીને કેમ્પસમાં ઊભા રહી, સેલ્ફી કે ગ્રુપ ફોટો ક્લિક કરી, ત્યાંને ત્યાંથી વોટ્સએપ કરતા જોયા... અને, આ ફોટા કરતા કર્યા પછી એમના મોં ઉપર, ચંદ્ર ઉપર પગ મૂકનાર પ્રથમ અવકાશ પીર નીલ આર્મસ્ટ્રોંગની ખુશીની પણ વધારે આનંદને ગૌરવ છલકાતાં હતાં !! જોવાં પહેલાં દેખાડી દેવાનો આનંદોત્સાહ સ્તો !!

કેનેડી સ્પેસ સેન્ટર એટલે અમેરિકાનું સ્પેસ પોર્ટ. અહીં રોકેટ વ્હીકલ અહીંથી જ ચંદ્ર ઉપર સમાનવ ઉતરાણ કરનાર એપોલો-૧૧ છોડ્યું હતું. એસેમ્બલી બિલ્ડિંગ છે, લોંચિંગ પડે છે, સેટર્ન વી મુન રોકેટ, મુન રૉકટ, માર્સ રોવર, રોકેટ પાર્ક, અંતરિક્ષ સંશોધન માટે, આકાશને આંબવાના - ચંદ્ર ઉપર પહોંચવાનાં સ્વપ્નને સાકાર કરવા સખત પ્રયોગો ને પુરુષાર્થ કરનારા, જાતને જોખમમાં મૂકનારા 'હિરોઝ'ની વાતો કહેતો 'હૉલ ઓફ ફેઈમ' જોઈને અહોભાવથી ઝૂકી જવાયું.

અવકાશયાત્રીઓની તાલીમ, એમનાં કોસ્ટ્યુમ્સ, ખાસ પ્રકારના શૂઝ, એમનો અંતરિક્ષ યાત્રા સમયનો વિશેષ બનાવટનો ખોરાક, ચંદ્ર ઉપર ઉત્તરાણનું વ્હિકલ, ચંદ્ર પરથી લાવેલા ખડકો મ્યુઝિમમાં જોવા મળ્યાં.... ટી.વી. ફિલ્મ - ફોટામાં જોયેલ રોકેટ - સ્પેશ શટલ - એના અટપટા પાર્ટ્સ - નિહાળ્યાં - લોંચિંગ વખતની ઉત્તેજનાને તબક્કાવાર છૂટા પડતા ભાગ, અવકાશયાત્રીઓની કઠણ તાલીમ - આ બધું આઈમેક્સ થિયેટરમાં થ્રી-ડીમાં જોવા - જાણવા મળ્યું. ને સમજાયું છે ચોક્કસ આયોજન, વર્ષોનાં સંશોધનો, સખત પુરુષાર્થ છતાં કેટલીય નિષ્ફળતાઓ પછી સફળતા પ્રાપ્ત થતી હોય છે.... અમેરિકાની અવકાશયાત્રા વિશેની ફિલ્મનો પ્રારંભ અમેરિકા કરતાં ઘણાં વર્ષો પહેલાં સોવિયેત રશિયાએ અવકાશયાત્રામાં ઘણું ખેડાણ કર્યું હતું અને સફળતા મેળવી હતી તેથી ગૌરવપૂર્વક વાતથી કરમ્યો છે... આ જોઈ સમજ્યા કે અન્યથી આવડત, સિદ્ધિઓ - સફળતાને બિરદાવવાથી આપણે નાના નથી થઈ જતા... ઈતિહાસથી જે ગૌરવપૂર્વ ઘટનાઓ છે અને જે તેના થયાના ભાગીદાર છે તેમને ઉચિત માન આપવું એ જ મોટાઈ છે. સાચી ખેલદિલી છે...

●●●

આપણે ત્યાં રમૂજમાં કહેવાતું કે હવામાનખાતું જે દિવસે ભારે વરસાદની આગાહી કરે ત્યારે છત્રી લઈને નીકળવાની જરૂર નહીં, કેમ કે આગાહી સાચી પડે જ નહીં....

આ એટલે યાદ આવ્યું કે ગયા ગુરુવારે રાત્રે અહીં 'એલર્ટ' આવ્યો કે મોડી રાત્રે ભારે 'સ્નો ફોલ' થશે.... પેરન્ટ્સ પર સ્કૂલમાંથી વોઈસ કોલ ઈમેઈલ આવી ગયા કે રાત્રે ભારે સ્નો થવાનો હોવાથી ફ્રાઈડે સ્કૂલ બંધ રહેશે... જાણીને અમને થયું કે 'ઠીક છે હવે...' પણ ભાઈ, અહીં તો એમ થીને જ રહ્યું.... વહેલી સવારે વિન્ડોની બ્લાઈન્ડ ઓપન કરીને બહાર નજર નાંખી તો ચારેકોર જાણે ધવલ અચાદર બિછાવાઈ ગઈ હતી. વૃક્ષો પર, રોડ ને વોક વે પર, હરિયાળી લોન, પાર્ક કરેલી કાર્સ પર, મકાનો નાં છાપરાં પર, ઓપન પેટિઓ કે ડેક ઉપર સઘળે બરફના થર જામેલા હતા... હિંમત કરીને, કાતિલ ઠંડીના ભયે ડબલ - ત્રબલ સ્વેઈટર - જાકિટ, હેન્ડ ગ્લોવ્ઝ - કેપ શૂઝ ચડાવી બહાર નીકળીને જોયું ને બરફમાં ચાલ્યા તો અનભવ્યું કે કુદરતે સફેદ ચાદર નહીં, શ્વેત ગાલીચો જ પાથરી દીધો હતો... હા, ખાસ્સો ૭-૮ ઈંચ સ્નો પડવાથી બધે જાડા થર જામ્યા હતા. પણ ઠંડીનું જોર માન્યું એટલું વધારે ન હતું. કહે છે કે બરફ પડે ત્યારે વાતાવરણમાં થોડી ગરમી પ્રસરી જાય છે... કુદરતની કમાલ કે બીજું કંઈ ?

જયાં જયાં નજર પડે ને ઠરે ત્યાં બરફ જ બરફ જોવામાં સારું લાગ્યું પણ ઘરના પગથિયાંથી લઈ, કાર સુધીના રસ્તા પર 'સ્નો' પડેલો જોઈને અને ગાડી ઉપર પંજો છેક કાંડા સુધી ખૂબી જાય એવો બરફ જામેલો જોઈ આપણે તો હિંમત હારી જઈએ.... વહેલી સવારથી કાઉન્સિલના કર્મચારીઓએ આવીને રોડ, વૉક-વે પરનો 'સ્નો' હટાવી ક્લીઅર કરી નાખ્યું... પણ ગાડી ઉપરનો ને આજુબાજુનો સ્નો તો જાતે જ હટાવવો પડે ને? જો કે જોયું તો આસપાસ સૌ સફાઈ કાર્યમાં લાગી ગયા હતા.... ઠંડા પ્રદેશના રહેવાસીઓનાં કામો પૈકીનું આ એક એકસ્ટ્રા વર્ક!!

છ-આઠ ઈંચ 'સ્નો' છતાં સવારથી 'બરફ છે - ઠંડી છે - લપસી જવાશે'ની ફિકર કર્યા વિના સઘળો વ્યવહાર રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલો જોઈ નવાઈ લાગી.... શુક્રવારે સૂરજદાદા ડોકાયા નહીં એટલે 'સ્નો' યથાવત હતો.. પણ શનિવારે 'દાદા' તપ્યા એટલે બધું ઓગળવા લાગ્યું ને રવિારે વરસાદે આવીને 'સ્નો'ની રીતસરની એવી ધોલાઈ કરી નાખી કે મોટા ભાગે બધું ચોખ્ખું ચણાક થઈ ગયું !! રોડ પરથી હટાવી ઢગલા કરેલો બરફ હજી હાજરી પુરવતો પડ્યો છે !!

હા, બુધવાર સવાર સુધી ટેમ્પરેચર માઈનસ સાત આઠ રહ્યું. કે તડકો છતાં ઘરનું બારણું ખોલીને ઓટલે જવાનું સાહસ મે નહોતું કર્યું. બુધવારે બપોરે ૧૨ વાગ્યે ટેમ્પ્રેચર ૨-૩ ડીગ્રી થયું ને સૂરજદાદા લૂપાછૂપી રમતા હતા એટલે ચાર કિ.મી. ચાલી આવ્યા....

એક તરફ બરના ઢગ ને એ સફેદાઈ ઉપર સૂર્યપ્રકાશના પડી રિફલેક્ટ થઈ આંખોમાં આવે કે અંજાઈ જવાય... આ પણ કુદરતની કમાલ જ કહેવાય ને. ડગલો 'સ્નો' ને માઈનસમાં ઠંડી છતાં શનિવારે અમે 'કોર ક્રીક પાર્ક' ગયા તો મોટું લેઈક ઠર્યું નહોતું પણ એની આસપાસ સ્નો જ સ્નો હતો. અને બરફમાં બાળકોને રમાડવા પાટિયા - સ્લેઈ જ લઈને આવેલાં મા-પાપ છોકરાઓને બરફાચ્છાદિત ઢાળ પરથી ગબડાવતા હતા... અહીંની પ્રજાની સાહસવૃત્તિ વિપરીત પરિસ્થિતમાંય મજા લેવાનો સ્વભાવ અને સંતાનોને ખડતલ બનાવવાની ધગશને અને જોઈ જ રહ્યા.